રોશન કરો ભવિષ્ય

# વર્લ્ડ ઇનબોક્સ

● માર્ચ- 2017

સ્પર્ધાત્મક પરીક્ષા વિષયક મેગેઝિન.

UPSC, GPSC, PSI, CONSTABLE, TET, TAT, BANK EXAM (PO-CLERK), RRB, SSC, AIR-FORCE, NAVY, NDA, MBA

# ગુજરાતી વ્યાકરણ

## ના અગાઉની પરીક્ષામાં

## 550+

## પૂછાયેલા મહત્ત્વના પ્રશ્નો

Scanned by CamScanner

# ગુજરાતી વ્યાકરણના અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

1. **રૂઢિપ્રયોગનો અર્થ શોધીને લખો.**
**હાથ મસ્તક પર હોવા**
A) મારવા માટે હાથ ઉપાડવો
B) હાથથી માથું દબાવવું
C) કૃપા કે મહેરબાની હોવી
D) મસ્તક પર હાથ મૂકી ધીરજ આપવી

2. **પૃથ્વી છંદમાં ..........અક્ષરો હોય છે.**
A) 17
B) 19
C) 21
D) 31

3. **સંધિ જોડો.**
**ધનુસ્ + ધર**
A) ધનુધર
B) ધર્નુધર
C) ધનુર્ધર
D) ધનુધર્ર

4. **નીચે આપેલ વાક્યોમાંથી વર્ણાનુપ્રાસ અલંકારનું ઉદાહરણ શોધીને લખો.**
A) મુંજે ફરીથી ઊંચે જોયું, એક હાસ્યબાણ છોડ્યું
B) કાળા કમરનો કાળો મોહન, કાળું એનું નામ
C) પીપળાએ અત્યારે જાણે બોધિવૃક્ષની ગરવાઈ ધારણ કરી
D) ઝીણાં ફોરાં ઝરમર ઝર્યા

5. **'આગે આગે ગોરખ જાગે' કહેવતનો અર્થ શું થાય ?**
A) ગોરખનાથ આખી રાત જાગે
B) કાલની ચિંતા આજે ન કરવી
C) આગળ જઈને ભીક્ષા માગો
D) ગોરખનાથ આગ લગાવે છે

6. **'અંકુશ' શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ લખો.**
A) અંકોડો
B) પરિણામ
C) દાબ
D) બાદ

7. **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**
**જૂની પ્રણાલિકાનું આચરણ તેમજ સમર્થન કરનાર**
A) પ્રખરવાદી
B) રૂઢિચુસ્ત
C) ઝનૂની
D) પરંપરાગત

---

**1)C, 2)A, 3)C, 4)B, 5)B, 6)C, 7)B.**



Scanned by CamScanner

8. 'પાણી પહેલા પાળ બાંધવી' કહેવતનો અર્થ જણાવો.
A) દીર્ઘદૃષ્ટિ વાપરવી
B) બંધ બાંધી દેવો
C) ડૂબતો માણસ તરણું પકડે
D) ભવિષ્યવાણી કરવી

9. 'મીનીટ' શબ્દની સાચી જોડણી લખો.
A) મિનિટ
B) મિનીટ
C) મીનિટ
D) મીનીટ

10. 'અનેકાનેક' શબ્દની સંધિ છોડો.
A) અને+કાનેક
B) અનેક+એક
C) અને+અનેક
D) અનેક+અનેક

11. 'દુકાળ' સમાસનો પ્રકાર લખો.
A) બહુવ્રીહિ
B) કર્મધારય
C) ઉપપદ
D) મધ્યમપદલોપી

12. નીચે આપેલ વાક્યમાંથી 'નિપાત' શોધીને લખો.
આ ખુલ્લી જગ્યામાં એક જ બંદીવાન ચાલતો હતો.
A) આ
B) માં
C) જ
D) એક

13. નીચેની જોડીમાંથી કઈ જોડી ખોટી છે તે શોધો.
A) પિતા-પિતૃત્વ
B) માલિક-માલકણ
C) વિદ્વાન-વિદ્વત્તા
D) ચોર-ચોરી

14. વિશિષ્ટ આવડત પ્રાપ્ત કરવા કર્મચારીને સૈદ્ધાંતિક અને વ્યવહારું શિક્ષણ આપવું એટલે..........
A) તાલીમ
B) છટણી
C) ભરતી
D) માહિતી પ્રેષણ

15. નીચેના વાક્યનો યોગ્ય વિકલ્પ પસંદ કરી રૂઢિપ્રયોગનો અર્થ આપો.
પગ ભાંગી પડવા
A) ફ્રેક્ચર થવું
B) ગળગળા થઈ જવું
C) હિંમત ખૂટી જવી
D) શ્રમ કરતા થાકી જવું

16. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.
પોતાની જાતને છેતરવી તે
A) આત્મશ્લાઘા
B) આત્મ વંચના
C) આત્માવાદ
D) આધ્યાત્મ

---

8)A, 9)A, 10)D, 11)B, 12)C, 13)B, 14)A, 15)C, 16)B.



Scanned by CamScanner

17. સંધિ જોડો.
પૌ + અન
A) પવન
B) પાવન
C) પાવક
D) પૌઅન

18. 'પરિણીતા' શબ્દની સંધિ છોડો.
A) પરિ + નીતા
B) પરિ + ણીતા
C) પરિસ્ + નીતા
D) પરિ + નીત

19. 'આગગાડી' સમાસ ઓળખાવો.
A) તત્પુરુષ
B) ઉપપદ
C) મધ્યમપદલોપી
D) દ્વન્દ

20. નીચેનામાંથી ક્યો શબ્દ 'છેલાબટાઉ'નો પર્યાય નથી ?
A) ચીચો
B) છેલ
C) બંકો
D) મલંગ

21. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
ઘરની બાજુની દીવાલ
A) વાડ
B) કરો
C) ભીંત
D) પછાત

22. 'ગીરિધર' શબ્દની સાચી જોડણી લખો.
A) ગીરીધર
B) ગીરિધર
C) ગિરિધર
D) ગિરીધર

23. 'અનુભૂતિ' શબ્દની સાચી જોડણી લખો.
A) અનુભુતિ
B) અનૂભૂતિ
C) અનુભુતી
D) અનુભૂતિ

24. નીચે આપેલ વાક્યમાંથી કૃદંત શોધી તેનો પ્રકાર લખો.
પહાડોની હારમાળા વચ્ચે દૂર સુધી લહેરાતી નર્મદા દેખાય.
A) ભૂતકૃદંત
B) વર્તમાનકૃદંત
C) ભવિષ્યકૃદંત
D) વિધ્યર્થકૃદંત

25. ચોરની સંગે શીખી તું ચોરવા હો વાંસલડી ! વ્હાલે માખણ ચોર્યું ને તે મન રે હો વાંસલડીમાં ક્યો અલંકાર છે ?
A) વ્યતિરેક
B) વ્યાજસ્તુતિ
C) રૂપક
D) ઉપમા

---

**17)B, 18)A, 19)C, 20)A, 21)B, 22)C, 23)D, 24)B, 25)B.**



Scanned by CamScanner

26. અક્ષરમેળ છંદમાં એવો કયો છંદ છે જેમાં '31' અક્ષરો હોય છે ?

A) શાર્દૂલવિક્રીડિત
B) મનહર
C) પૃથ્વી
D) સ્ત્રગ્ધરા

27. 'ઉત્કર્ષ' શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ લખો.

A) સંઘર્ષ
B) ઉન્નતિ
C) ઉન્મેષ
D) ઉદાર

28. નીચેના રૂઢિપ્રયોગનો ખરો અર્થ બતાવો : 'મોટા પેટના હોવું.'

A) ઉદાર મનના હોવું
B) એક સમયે ઘણું ખાઈ શકવું
C) આસાનીથી દાન દઈ શકે તેવા હોવું
D) ખાઉધરા હોવું

29. નીચેનામાંથી કઈ પંક્તિ 'મંદાક્રાન્તા' છંદની છે ?

A) પુષ્પે પાને વિમલ હિમમોતી સરે તેમ છાની .
B) ન દાહ વસમો કદી, જિગર બૂમ ના પાડતું
C) રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ
D) વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ

30. 'ખીલો થઈ જવું' રૂઢિપ્રયોગનો અર્થ શો ?

A) સીધા થઈ જવું
B) ડરી જવું
C) શાંત થઈ જવું
D) ઊભા રહી જવું

31. 'ઘડિયાળના કાંટા ઉપર હાંક્યા કરે સમય' અલંકાર ઓળખાવો.

A) ઉપમા
B) યમક
C) સજીવારોપણ
D) રૂપક

32. 'જેનું એક પણ સંતાન મરી ન ગયું હોય તેવી સ્ત્રી માટેનો સાચો પર્યાયવાચી શબ્દ જણાવો.

A) અખોવન
B) અન્નપૂર્ણા
C) અવિકારી
D) અખંડ સૌભાગ્યવતી

33. નીચેની પંક્તિનો છંદ ઓળખાવો 'ધીમેધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય.'

A) શાર્દૂલવિક્રીડિત
B) મનહર
C) સવૈયા
D) સ્ત્રગ્ધરા

34. નીચેનામાંથી એક વાક્ય ખોટું છે ક્યું ?

A) સફેદ ઘોડો ઘાસ ચરે છે
B) ધોળુ કબૂતર ચણે છે
C) ધોળું કબૂતર ઘાસ ચરે છે
D) ધોળો ઘોડો ઘાસ ખાય છે

---

26)B, 27)B, 28)A, 29)A, 30)D, 31)C, 32)A, 33)D, 34)C.



Scanned by CamScanner

35. **'વેવાઈનું રૂપ જુઓ રે બાઈ! કંદર્પ સરીખો લાગે રે' ઉપરોક્ત પંકિતનો અલંકાર ઓળખાવો.**

A) વ્યતિરેક
B) શ્લેષ
C) ઉપમા
D) વ્યાજસ્તુતિ

36. **પદક્રમની દ્રષ્ટિએ નીચેના પૈકી ક્યુ વાક્ય અશુદ્ધ છે ?**

A) રસ્તામાં મને કિશોર મળી ગયો
B) મને રસ્તામાં કિશોર મળી ગયો
C) મળી ગયો મને રસ્તામાં કિશોર
D) કિશોર મને રસ્તામાં મળી ગયો

37. **'જોખમ વહોરી લેવું' એવો અર્થ નીચેનામાંથી ક્યા રૂઢિપ્રયોગનો થાય ?**

A) ઊંડા પાણીમાં ઊતરવું
B) પવન પ્રમાણે પીઠ ફેરવવી
C) ઉલળ પાણા પડ મારા પગ માથે
D) દેવ જાગી જવા

38. **'મોરના ઈંડા ચીતરવા ન પડે' કહેવતનો સાચો અર્થ શું થાય છે ?**

A) મોરનું ઈંડુ કાબરચીતરું હોવાથી તેને ચીતરવાની જરૂર નથી રહેતી
B) વાડ વિના વેલો ન ચડે
C) માતા-પિતાના સંસ્કાર સંતાનમાં આપમેળે ઊતરે
D) મોરનું ઈંડુ અન્ય પક્ષીઓના ઈંડા કરતાં જુદુ હોય છે

39. **નીચેના પૈકી કઈ કહેવત 'અલ્પજ્ઞાની જ વિદ્વતાનો ડોળ કરે' એવો અર્થ સૂચવતી નથી ?**

A) ખાલી ચણો વાગે ઘણો
B) ખોટો રૂપિયો ચળકે ઘણો
C) ઉજ્જડ ગામમાં વાગે ઢોલ
D) અધૂરો ઘડો છલકાય

40. **'પોતાની જાતને છેતરવી' આના માટે નીચેનો ક્યો શબ્દ બંધ બેસે છે ?**

A) આત્મવંચના
B) ભ્રમણા
C) ભ્રાંતિમય
D) કૃતઘ્ન

41. **નીચે દર્શાવેલ કહેવતો અને તેનો અર્થ દર્શાવતી જોડી પૈકી કઈ જોડી સાચી નથી ?**

A) આડે લાકડે આડો વેહ-જેવાની સાથે તેવો જ વ્યવહાર થાય.
B) અન્ન તેવો ઓડકાર-જેવો ખોરાક એવા જ વાણીવર્તન થાય.
C) અક્કર્મીનો પડિયો કાણો-કટોકટીમાંથી પાર ઊતરી જવું તે જ ઉત્તમ છે.
D) આભ ફાટે ત્યાં થીગડું ન દેવાય – પાર વગરના દુઃખોનો કોઈ ઈલાજ હોતો નથી.

42. **નીચેના પૈકી શુદ્ધ વાક્ય જણાવો.**

A) રાણીને રાજા સારા છે.
B) રાજા,રાણીને કુંવર બધા સારા છે.
C) રાજા,રાણી ને કુંવર બધા સારાં છે.
D) રાજા ને રાણી સારા છે.

---

**35)D, 36)C, 37)A, 38)C, 39)C, 40)A, 41)C, 42)C.**



Scanned by CamScanner

43. નીચેનામાંથી કયો શબ્દ 'પૃથ્વી'નો સમાનાર્થી નથી?'

A) ચપલા
B) અવનિ
C) અચલા
D) ઈલા

44. 'મુદ્દલ' શબ્દનો વિરૂદ્ધાર્થી શબ્દ જણાવો.

A) ભેટ
B) વિક્ષેપ
C) વ્યાજ
D) મૂળ

45. 'તિમિર' શબ્દનો વિરૂદ્ધાર્થી શબ્દ જણાવો.

A) અંધકાર
B) પ્રકાશ
C) વીજળી
D) તમસ

46. 'અરણ્ય' શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો.

A) નિશિથ
B) વિપિન
C) ગુલશન
D) શર્વરી

47. 'પ્રત્યુત્તર' શબ્દની સાચી સંધિ કઈ ?

A) પ્રત્ય+ઉત્તર
B) પ્રત્યુ+અત્તર
C) પ્રત્યઃ+ઉત્તર
D) પ્રતિ+ઉત્તર

48. 'જેનો કોઈ છેડો કે અંત નથી તેવું' માટેનો સામાસિક શબ્દ ક્યો છે ?

A) અસીમ
B) અપાર
C) અનાદિ
D) અનંત

49. 'સંચય' શબ્દનો વિરૂદ્ધાર્થી શબ્દ કયો છે ?

A) વ્યય
B) વિધેય
C) વિક્રય
D) વિનય

50. નીચેના પૈકી કઈ જોડણી ખરી છે ?

A) પરબિડીયું
B) સુશ્રુશાં
C) પૂર્ણાહૂતી
D) કવયિત્રી

51. નીચેની પંક્તિનો છંદ ઓળખાવો ?

'નમતાથી સૌ કોઈ રીઝે, નમતાને બહુમાન, સાગરને નદીઓ ભજે, છોડી ઊંચા સ્થાન'

A) સવૈયા
B) દોહરો
C) અનુષ્ટુપ
D) ચોપાઈ

---

43)A, 44)C, 45)B, 46)B, 47)D, 48)D, 49)A, 50)D, 51)B.



Scanned by CamScanner

52. નીચેના પૈકી કઈ જોડણી સાચી છે ?

A) વાંકુચૂંકુ
B) વાંકૂચૂકૂ
C) વાંકુંચૂકું
D) વાંકુંચૂંકું

53. નીચેનાં પૈકી કઈ જોડણી ખોટી છે ?

A) પુરાતત્વ
B) માતૃત્વ
C) મહત્ત્વ
D) મમત્વ

54. 'વિશ્વ શાંતિ' કાવ્યના કવિ કોણ છે ?

A) સુન્દરમ્
B) ઉશનસ્
C) સ્નેહરશ્મિ
D) ઉમાશંકર જોશી

55. નીચેનામાંથી કયો શબ્દ 'સમુદ્ર'નો સમાનાર્થી નથી ?

A) કસ્તુભ
B) મકરાલય
C) અદ્રિ
D) અર્ણવ

56. 'અમારી શાળાની આસપાસ બગીચો છે' વાક્યમાં વપરાયેલ સમાસ ઓળખાવો.

A) તત્પુરુષ
B) દ્વન્દ્વ
C) કર્મધારય
D) દ્વિગુ

57. નીચેનામાંથી 'મધ્યમપદલોપી' સમાસ ઓળખાવો.

A) ગર્ભશ્રીમંત
B) માનવસેવાં
C) અનુભવજ્ઞાન
D) ચિંતાતુર

58. નીચેના પૈકી ક્યો શબ્દાલંકાર નથી ?

A) વર્ણાનુપ્રાસ
B) યમક
C) અંત્યાનુપ્રાસ
D) ઉત્પ્રેક્ષા

59. 'મનોહર' શબ્દની સાચી સંધિ કઈ છે ?

A) મન + ઓહર
B) મનસ્ + હર
C) મનુ + હર
D) મનો + હર

60. નવરાત્ર, પંચવટી, ત્રિભુવન-ક્યા સમાસના દ્રષ્ટાંત છે ?

A) દ્વન્દ્વ
B) ઉપપદ
C) મધ્યમપદલોપી
D) દ્વિગુ

61. નીચેના પૈકી કઈ જોડણી સાચી છે ?

A) ઝિંદાદિલી
B) ઝીંદાદિલી
C) ઝીંદાદીલિ
D) ઝિંદાદીલિ

---

52)D, 53)A, 54)D, 55)C, 56)B, 57)C, 58)D, 59)B, 60)D, 61)A.



Scanned by CamScanner

62. ‘દયારામનો અક્ષરદેહ’ ગ્રંથના રચયિતા કોણ છે ?

A) દયારામ
B) નર્મદ
C) ગો.મા.ત્રિપાઠી
D) દલપતરામ

63. ‘પ્રણયોર્મિ’ શબ્દની સાચી સંધિ કઈ છે?

A) પ્રણય+ઊર્મિ
B) પ્રણયઃ+ઉર્મિ
C) પ્રણય્+ઊર્મિ
D) પ્રણય્+ઉર્મિ

64. નીચેનામાંથી કઈ સંધિ ખોટી છોડી છે ?

A) કવીશ્વર = કવિ+ઈશ્વર
B) પૂર્વોક્ત = પૂર્વ+ઊક્ત
C) ઉપેન્દ્ર = ઉપ+ઈન્દ્ર
D) રવીન્દ્ર = રવિ+ઈન્દ્ર

65. નીચેનામાંથી કયો શબ્દ ‘અગ્નિ’નો પર્યાયવાચી નથી ?

A) અનલ
B) અનિલ
C) કુશાનુ
D) વહ્નિ

66. નીચેના પૈકી ક્યો શબ્દ ‘સુન્દરી’નો સમાનાર્થી નથી ?

A) તન્વી
B) વનિતા
C) કૃશાંગી
D) રામા

67. નીચેના પૈકી ક્યા વિકલ્પમાં વિરૂદ્ધાર્થી શબ્દો નથી?

A) આશીર્વાદ-શાપ
B) ઉષા-સંધ્યા
C) નાગરિક-ગ્રામ્ય
D) અનાવૃષ્ટિ-દુકાળ

68. ‘મૂશળધાર’ શબ્દનો સમાસ ઓળખાવો.

A) કર્મધારય
B) તત્પુરુષ
C) દ્વિગુ
D) બહુવ્રીહિ

69. ગુજરાતીમાં લઘુકથાના આરંભક અને પુરસ્કર્તાશ્રી મોહનલાલ પટેલના પુસ્તકનું નામ જણાવો.

A) સાતમો કોઠો
B) ત્રેપનમી બારી
C) ઝાકળમાં સૂરજ ઊગે
D) આઠમું પાતાળ

70. ‘શર્વિલક’ નાટકના કર્તા કોણ છે ?

A) જયંતી દલાલ
B) રસિકલાલ પરીખ
C) ક.મા.મુનશી
D) ચં.ચી. મહેતા

71. નીચેના પૈકી ક્યું જોડકું વિરૂદ્ધાર્થી શબ્દોનું નથી?

A) વિરાટ-વામન
B) અવગુંઠન-આચ્છાદન
C) તેજ-તિમિર
D) શ્લીલ-અશ્લીલ

---

62)C, 63)A, 64)B, 65)B, 66)B, 67)D, 68)D, 69)C, 70)B, 71)B.



Scanned by CamScanner

72. 'શર્વરી' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપો ?

A) રજની
B) દિવસ
C) નિશા
D) યામિની

73. નીચેના પૈકી કઈ જોડણી સાચી છે ?

A) મુહુર્ત
B) વાલ્મીકિ
C) ડુગડૂગીયું
D) સહાનુભુતિ

74. '<u>મહાબાહુ</u> અર્જુનને કાબાઓએ લૂંટ્યો.' સમાસ ઓળખાવો.

A) બહુવ્રીહિ
B) તત્પુરુષ
C) ઉપપદ
D) કર્મધારય

75. નીચેના પૈકી કઈ જોડણી ખોટી છે ?

A) વિચિત્રતા
B) પરિસ્થિતિ
C) રેલ્વે
D) જલદી

76. 'મન્વન્તર' શબ્દની સાચી સંધિ કઈ છે ?

A) મન + અવતાર
B) મનુ + અન્તર
C) મન્વ + અવન્તર
D) મનુ + અવતાર

77. નીચેનામાંથી સાચી જોડણી કઈ છે ?

A) નૂકશાન
B) નુકશાન
C) નુકસાન
D) નૂકસાન

78. 'પેટનો ખાડો પૂરવો' એટલે .... રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

A) ખાવું.
B) જીવનનિર્વાહ કરવો.
C) પેટ પૂરતું ખાવું.
D) જ્યાંથી મળે ત્યાંથી લઈ લેવું.

79. વિરામચિહ્ન મૂકો. જોયું તો ઓજાર બધાં સોનાનાં

A) ?
B) ,
C) !
D) .

80. 'નાદ' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.

A) મધુર અવાજ
B) કર્કશ અવાજ
C) બુમ
D) ત્રાડ

81. મારા કંઠ માટે શરદી ....... પક્ષપાત છે. (ખાલી જગ્યા પૂરો)

A) ની
B) ને
C) નો
D) નું

72)B, 73)B, 74)A, 75)C, 76)B, 77)C, 78)B, 79)C, 80)A, 81)B.



Scanned by CamScanner

82. સાંબેલા જેવી જાડી ધાર : શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.
A) ધોધમાર
B) સાંબેલાધાર
C) મૂશળધાર
D) ધારદાર

83. 'ઉદ્યમ' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.
A) મહેનત
B) આળસુ
C) મૌસમ
D) ઉદ્વેગ

84. 'શીતળ' શબ્દનો વિરોધી શબ્દ આપો.
A) ઠંડુ
B) નિર્મળ
C) ઉષ્ણ
D) મલિન

85. 'માથામાં રાઈ ભરેલી હોવી' રૂઢિપ્રયોગનો અર્થ શો થાય ?
A) જવાબદારી લેવી.
B) ડહાપણ કરવું.
C) મહેનત નકામી જવી.
D) ખૂબ અભિમાન હોવું.

86. ક્યો સાચો શબ્દકોશ ક્રમ છે તે જણાવો.
A) તડકો, મેળો, પડછાયો, આભ
B) પડછાયો, તડકો, મેળો, આભ
C) આભ, પડછાયો, તડકો, મેળો
D) આભ, તડકો, પડછાયો, મેળો

87. સાચી જોડણી કઈ છે ?
A) ભભુત
B) નીરંજન
C) ભીક્ષા
D) વેશ

88. શત શબ્દનો અર્થ શું થાય ?
A) સત્ય
B) સો
C) શર્ત
D) આમાંથી એકેય નહીં

89. વિભુ એટલે...... ?
A) રાત
B) વિભા નામની છોકરી
C) ભગવાન
D) સવાર

90. 'હિમાલય સૌથી ઊંચો પર્વત છે' - આ વાક્યમાં સંજ્ઞા ઓળખો.
A) સૌથી
B) ઊંચો
C) પર્વત
D) હિમાલય

C અને D બંને જવાબ

91. નીચેનામાંથી ક્યો વિકલ્પ વિરોધી શબ્દ સાથેની જોડ દર્શાવે છે?
A) સત્ય-સાચુ
B) સંપ-કુસંપ
C) ટેવ-વર્તન
D) વિચાર-સુવિચાર

---

82)B, 83)A, 84)C, 85)D, 86)D, 87)D, 88)B, 89)C, 90)C D,91)B.



Scanned by CamScanner

92. નામના બદલે જે શબ્દ વપરાય તેને શું કહેવાય ?

A) સંજ્ઞા
B) સર્વનામ
C) વિશેષણ
D) ક્રિયાવિશેષણ

93. 'મારું વાગે એ જ નગારું' એટલે ? રૂઢિપ્રયોગ જણાવો.

A) નગારું તો મારુ જ
B) હું કહું તે જ ખરું
C) મારા કરતાં બીજા સારા
D) અન્યની ખોટી વાતો કરવી.

94. 'પગે ચાલીને વસ્તુઓ વેચનાર'... શબ્દ સમૂહ માટે એક શબ્દ જણાવો.

A) ફેરિયો
B) લારીવાળો
C) ફકીર
D) વેપારી

95. 'નિષ્ણાત' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?

A) નિપુણ
B) અજ્ઞાત
C) નિષ્ઠાવાન
D) જાજરમાન

96. મોહન ચતુર વિદ્યાર્થી છે. આ વાક્યમાં વિશેષણ કયું છે ?

A) મોહન
B) ચતુર
C) વિદ્યાર્થી
D) છે.

97. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : ઘોડા ઉપર સવારી કરનાર.

A) ઘોડેસવાર
B) ઘોડાધારી
C) ઘોડાવાળો
D) ઘોડાનો માલિક

98. શબ્દકોશના ક્રમ પ્રમાણે કયું સાચું છે?

A) સરદાર, નામદાર, બિરબલ, અકબર
B) બિરબલ, અકબર, સરદાર, નામદાર
C) અકબર, નામદાર, બિરબલ, સરદાર
D) અકબર, બિરબલ, નામદાર, સરદાર

99. 'પારકી છઠ્ઠીનો જાગતલ' એટલે ?

A) બીજાનું બુરૂ કરનાર
B) બીજા માટે હંમેશા મુશ્કેલીઓ ઊભી કરનાર
C) બીજાના ભલા માટે સતત ચિંતિત રહેનાર
D) બીજા માટે સતત છ દિવસ જાગનાર

92)B, 93)B, 94)A, 95)A, 96)B, 97)A, 98)C, 99)C.



Scanned by CamScanner

100. 'માલસામાન જોઈને ખરીદો' - કૃદંત ઓળખાવો.

A) સબંધક ભૂતકૃદંત
B) ભૂતકૃદંત
C) સામાન્ય કૃદંત
D) ભવિષ્યકૃદંત

101. રૂઢિપ્રયોગનો અર્થ શોધીને લખો :

માથે લેવું

A) ગુનો કબુલ કરવો
B) માથા પર વજન ઉપાડવું
C) જવાબદારી સંભાળવી
D) જવાબદારીમાંથી છૂટી જવું

102. 'કવિ શિરોમણી'નું માન કોને મળ્યું ?

A) નરસિંહ મહેતા
B) પ્રેમાનંદ
C) નર્મદ
D) દલપતરામ

103. કઈ જોડણી સાચી છે ?

A) પૃથ્થકકરણ, તત્વાર્થ, અદ્ધર, ગદગદિત

B) પૃથ્થકરણ, તત્વાર્થ, અદ્ધર, ગદગદીત

C) પૃથકકરણ, તત્ત્વાર્થ, અધ્ધર, ગદ્ગદિત

D) પૃથ્થકરણ, તત્વાર્થ, અધ્ધર, ગદગદીત

104. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?

A) અદીતીય
B) અદ્વિતિય
C) અદ્વિતીય
D) અદવિતય

105. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

બધું જાણનાર

A) અંતર્યામી
B) સંન્યાસી
C) વિદ્વાન
D) સર્વજ્ઞ

106. સમાસ ઓળખાવો : દરરોજ

A) કર્મધારય સમાસ
B) અવ્યવીભાવ સમાસ
C) ઉપપદ તત્પુરુષ સમાસ
D) મધ્યમ પદલોપી સમાસ

107. 'નર્મદા' સમાસ લખો.

A) બહુવ્રીહી
B) ઉપપદ
C) દ્વન્દ્વ
D) મધ્યમપદલોપી

---

100)A, 101)C, 102)B, 103)C, 104)C, 105)D, 106)B, 107)B.



Scanned by CamScanner

108. 'ગરલ' શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ લખો.

A) ડોક B) વિષ

C) વાસુ D) વખાણ

109. 'સ્થૂળ' શબ્દનો સાચો વિરુદ્ધાર્થી શબ્દ લખો.

A) કદાવર B) સંગમ

C) સૂક્ષ્મ D) દુર્બળ

110. નીચે આપેલ વાક્યમાંથી 'નિપાત' શોધીને લખો.

લોકોની શંકા જરાય નિષ્કારણ તો નહોતી હા !

A) શંકા B) જરાય

C) નોહતી D) તો

B અને D બંને જવાબ

111. લોકસમૂહ દ્વારા વિકસતું કાવ્યસ્વરૂપ કયું છે ?

A) ઊર્મિગીત B) ગરબી

C) મુક્તક D) લોકગીત

112. 'ઉત્તરોત્તર' શબ્દની સંધિ નીચેનામાંથી કઈ સાચી છે ?

A) ઉત્તર + ઉત્તર B) ઉત્તરો + અત્તર

C) ઉત્તર + ઔત્તર D) ઉત્તરો + ત્ + તર

113. નીચે આપેલ શબ્દના વિરુદ્ધાર્થી શબ્દ વિકલ્પમાંથી પસંદ કરો.

શાશ્વત -

A) ક્ષણિક B) કાયમી

C) સ્થાવર D) હંમેશ માટે

114. નીચેના શબ્દોમાંથી કયું શબ્દજૂથ શબ્દકોશના ક્રમમાં છે ?

A) દિવસ, ધીરજ, ભાગ, ઘોડો, દિવાળી

B) ધીરજ, દીવાળી, ભાગ, દીવસ, ઘોડો

C) ઘોડા, દિવસ, દિવાળી, ધીરજ, ભાગ

D) ઘોડો, ધીરજ, દિવસ, દિવાળી, ભાગ

115. નીચે આપેલી પંક્તિનો સાચો અલંકાર ઓળખાવો.

ઘડિયાળના કાંટા પર હાંક્યા કરે સમય.

A) દ્રષ્ટાંત B) ઉપમા

C) શ્લેષ D) સજીવારોપણ

---

108)B, 109)C, 110) B D, 111)D, 112)A, 113)A, 114)C, 115)D.



Scanned by CamScanner

116. 'યામિની' શબ્દનો સમાનાર્થી શબ્દ :

A) યમની બહેન B) વીજળી

C) સમીક્ષા D) રાત્રી

117. <u>અઢારે</u> વરણ જેને વહોરવાને આવે - રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.

A) સંખ્યાવાચક B) રંગવાચક

C) પરિણામવાચક D) ગુણવાચક

118. 'હસતું મોહું રાખજો' - કૃદંત ઓળખાવો.

A) વર્તમાનકૃદંત B) સામાન્યકૃદંત

C) ભૂતકૃદંત D) ભવિષ્યકૃદંત

119. 'ચાપોટ' તળપદો શબ્દ છે. જેનો અર્થ શોધો.

A) ટપલી B) નથણી

C) થરથરાટ D) નઠારું

120. નીચેની જોડીમાંથી કઈ જોડી ખોટી છે તે શોધો.

A) હિંસા - હિંસક B) તંત્ર - તાંત્રિક

C) પૈસા - પૈસાદાર D) લેખક - લેખિકા

121. શબ્દો અને તેના વિરુદ્ધાર્થી શબ્દોનું ક્યું જોડકું સાચું છે ?

A) ઉત્કર્ષ x પ્રસન્ન, ઉદાર x પતન, ઉદય x લોભી, ઉદાસ x પતન

B) ઉત્કર્ષ x પ્રસન્ન, ઉદાર x લોભી, ઉદય x અસ્ત, ઉદાસ x પતન

C) ઉત્કર્ષ x લોભી, ઉદાર x પતન, ઉદય x પ્રસન્ન, ઉદાસ x અસ્ત

D) ઉત્કર્ષ x પતન, ઉદાર x લોભી, ઉદય x અસ્ત, ઉદાસ x પ્રસન્ન

122. 'શાર્દૂલ વિક્રીડિત' છંદના ગણનું સૂત્ર દર્શાવો.

A) ય મ ન સ ભ લ ગા B) મ ભ ન ત ત ગા ગા

C) મ સ જ સ ત ત ગા D) ભ ર ભ ન ય ય ય

123. નીચેની જોડીમાંથી કઈ જોડી ખોટી છે તે શોધો.

A) બીવું - બીક B) સડવું - સડો

C) શોભવું - શોભા D) વળગવુ - વાળગેલું

124. 'કાશીમા કાબરી પાછળ દોડ્યા.' આપેલ વાક્યને ભાવેપ્રયોગમાં પરિવર્તિત કરો.

A) કાશીમાથી કાબરી પાછળ દોડાયું B) કાશીમા દોડ્યા અને કાબરી દોડી.

C) કાશીમાથી કાબરી પાછળ દોડાય છે D) એકપણ વિધાન સાચું નથી

---

116)D, 117)A, 118)A, 119)A, 120)D, 121)D, 122)C, 123)D, 124)A.



Scanned by CamScanner

125. આપેલ શબ્દની સંધિ છૂટી પાડો : હેત્વાભાસ

A) હેતુ + આભાસ
B) હેત્ + આભાસ
C) હેતવ + આભાસ
D) હેત્વ + ભાસ

126. નીચે આપેલ વાક્યમાંથી 'નિપાત' શોધીને લખો.

ભૂલચૂક માફ કરશોજી

A) માફ
B) કરશો
C) ભૂલચૂક
D) જી

127. 'કાન તળે કાઢી નાખવું' રૂઢિપ્રયોગનો અર્થ :

A) ઠપકો આપવો.
B) કાન વડે ધ્યાનથી સાંભળવું
C) કાન બહેરા થઈ જવા
D) કોઈ વાત પર લક્ષ ન આપવું.

128. નીચેનામાંથી ક્યું ઉદાહરણ વ્યતિરેક અલંકાર છે ?

A) મેરુ રે ડગે ને જેના મન નો ડગે
B) જ્યાં ત્યાં વય બદલી સંતાય જાણે પરીઓ !
C) ઊંઘતાને પાયે જગની જેલ.
D) મહુડા માયા ઉતારતા યોગી જેવા લાગે છે.

129. તળપદા શબ્દો અને તેના શિષ્ટ રૂપોના વિકલ્પોમાંથી ક્યો વિકલ્પ બરાબર નથી ?

A) ગલઢેરા - ઝૂંપડાં
B) હડકે ઠઠ - ભરચક
C) ફાંટ - પોટકું
D) બકાલું - શાકભાજી

130. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

શત્રુની છૂપી રીતે બાતમી જાણી લાવનાર.

A) પત્રકાર
B) લેખક
C) ચોર
D) જાસૂસ

131. 'સરસ્વતીચંદ્ર' નવલકથાના લેખક કોણ હતા ?

A) દલપતરામ
B) ગોવર્ધનરામ ત્રિપાઠી
C) નવલરામ
D) નર્મદ

132. રૂઢિપ્રયોગનો અર્થ શોધીને લખો :

મતિ મારી જવી

A) સહમતિ ન બતાવવી
B) બુદ્ધિ ભ્રષ્ટ થઈ જવી
C) કંઈ સૂઝવું નહીં
D) બુદ્ધિ ચલાવવી નહીં

133. 'કાળુને તો રાજુની ગાળો ગોળથીયે મીઠી લાગતી હતી.' - અલંકાર ઓળખાવો.

A) ઉપમા
B) અનન્વય
C) વ્યતિરેક
D) વ્યાજસ્તુતિ

---

125)A, 126)D, 127)D, 128)A, 129)A, 130)D, 131)B, 132)C, 133)C.



Scanned by CamScanner

134. ભક્તિપ્રધાન સાહિત્ય અને તે લખનાર લેખકની જોડીમાંથી કઈ જોડી ખોટી છે ?

A) વલ્લભ ભટ્ટ - આનંદનો ગરબો
B) સહજાનંદ સ્વામી - વચનામૃત
C) ઓખાહરણ - પ્રેમાનંદ
D) સુદામાચરિત્ર - ભોજો

135. 'પાને પાને પોઢી રાત, તળાવ જંપ્યું કહેતાં વાત' - આ પંક્તિનો છંદ જણાવો.

A) દોહરો
B) ચોપાઈ
C) અનુષ્ટુપ
D) પૃથ્વી

136. સાચી જોડણી દર્શાવો.

A) ટરમીનશ
B) ટર્મિનસ
C) ર્ટમીનસ
D) ટરમીનષ

137. સંતો ! અમે રે <u>વહેવારિયા</u> રામનામનાં - રેખાંક્તિ વિશેષણનો પ્રકાર જણાવો.

A) સંખ્યાવાચક
B) રંગવાચક
C) ગુણવાચક
D) પરિણામવાચક

138. 'ચોખાની ઘેંશ' માટે વપરાતો તળપદો શબ્દ શોધો.

A) પેજ
B) પેદ
C) પેમ
D) પેક

139. 'અધૂરો ઘડો છલકાય ઘણો' કહેવતનો અર્થ દર્શાવો.

A) અભિમાનમાં ખરાબ દેખાવ કરે
B) ઓછી આવડત હોય અને તે દેખાવ વધારે કરે
C) સારા ખરાબનો કંઈ વિચાર ન કરે
D) કોઈની આગળ સારા હોવાનો ડોળ કરે

140. સમાનાર્થી શબ્દોની કઈ જોડી ખોટી છે તે શોધો :

A) વાસ - સાથ
B) કપટી - ઠગારું
C) ચૂવું - ટપકવું
D) લાડણી - વહાલી

141. 'બકો ઊભો થયો ને <u>રડવા</u> લાગ્યો.' કૃદંત ઓળખાવો.

A) ભવિષ્ય કૃદંત
B) ભૂત કૃદંત
C) વર્તમાન કૃદંત
D) વિધ્યર્થ કૃદંત

142. આપેલા વિધાનમાં નિપાતનો પ્રકાર ઓળખાવો.

<u>ગુરુજીને</u> મારા પ્રણામ.

A) ભારવાચક
B) વિનયવાચક
C) સીમાવાચક
D) વિધાનમાં નિપાત નથી

---

134)D, 135)B, 136)B, 137)C, 138)A, 139)B, 140)A, 141)D, 142)B.



Scanned by CamScanner

143. 'પુત્રૈષણા' શબ્દની સંધિ છૂટી પાડો.

A) પુત + ઐષણા B) પુત્ર + ઈષણા

C) પુત્ર + ઐષણા D) પુત્ર + એષણા

144. સાચો સમાનાર્થી શબ્દ શોધો :

સાંઢ

A) ઊંટડી B) ગોધો

C) ઘોડો D) ઘોડી

145. નીચેનામાંથી સાચી જોડણી કઈ છે ?

A) મહત્ત્વાકાંક્ષી B) મહત્વાકાંક્ષી

C) મહત્વાકાક્ષી D) મહત્ત્વાકાક્ષી

146. સમાસ ઓળખાવો : 'મહેશ્વર'

A) દ્વિગુ B) કર્મધારય

C) બહુવ્રીહિ D) ઉપપદ

147. નીચે આપેલ વાક્યમાંથી વિશેષણ શોધો :

કરુણ ગીતો સાંભળી તે બેસી ગયો.

A) કરુણ B) ગીતો

C) સાંભળી D) તે

148. 'શાસ્ત્રીજીએ એક વાત નક્કી કરાવી નાંખી.' - આ ક્યા પ્રકારનું વાક્ય છે ?

A) કર્તરી B) કર્મણિ

C) વિધ્યર્થ D) પ્રેરક

149. અલંકાર ઓળખાવો : 'જિંદગી એટલે જિંદગી.'

A) ઉપમા B) યમક

C) રૂપક D) અનન્વય

150. સમાસ ઓળખાવો : 'ચતુષ્કોણ'

A) ઉપપદ B) મધ્યમપદલોપી

C) દ્વન્દ્વ D) દ્વિગુ

151. 'વિપિન' શબ્દનો સમાનાર્થી શબ્દ ક્યો છે?

A) બગીચો B) રાત્રિ

C) ચંદ્ર D) જંગલ

---

143)D, 144)A, 145)A, 146)B, 147)A, 148)D, 149)D, 150)D, 151)D.



Scanned by CamScanner

152. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'ખુલ્લી જમીનની આસપાસની નાની ભીંત.'
A) પોળ
B) ઓસરી
C) બાલ્કની
D) વંડી

153. નીચેની પંક્તિ કયા છંદમાં છે તે લખો :
વહેંચી લેવો હા, જન જન મહીં સ્નેહ નકરો !
A) શિખરણી
B) મંદાક્રાન્તા
C) હરિગીત
D) પૃથ્વી

154. શબ્દકોશના ક્રમ મુજબ સાચો ક્રમ ક્યો છે ?
A) ગ્રહ, ગ્રંથ, ગાંઠ, ગુણાંક, ગોળાર્ધ
B) ગાંઠ, ગુણાંક, ગોળાર્ધ, ગ્રંથ, ગ્રહ
C) ગાંઠ, ગુણાંક, ગોળાર્ધ, ગ્રહ, ગ્રંથ
D) ગુણાંક, ગોળાર્ધ, ગાંઠ, ગ્રંથ, ગ્રહ

155. નીચેનામાંથી સાચી સંધિ શોધો : 'સાશ્ચર્ય'
A) સા + શ્ચર્ય
B) સ + ઐશ્ચર્ય
C) સાસ્ + અચર્ય
D) સ + આશ્ચર્ય

156. અલંકાર ઓળખાવો : 'રવિ નિજ કર તેની ઉપર ફેરવે છે !'
A) ઉપમા
B) રૂપક
C) શ્લેષ
D) ઉત્પ્રેક્ષા

157. નીચેનામાંથી 'વારી' શબ્દનો સમાનાર્થી શબ્દ ક્યો છે?
A) પાણી
B) ઘોડો
C) પાણિ
D) સરોવર

158. છંદ ઓળખાવો :
ડુંગર કેરી ખીણમાં, ગાંભુ નામે ગામ,
ખેતી કરતો ખંતથી, પટેલ પાંચો નામ.
A) મનહર
B) અનુષ્ટુપ
C) દોહરો
D) ચોપાઈ

159. 'કજિયાનું મોં કાળું' - કહેવતનો સાચો અર્થ ક્યો છે?
A) મોં કાળું કરવા કજિયો કરવો
B) કજિયાથી દૂર રહેવું સારું
C) કજિયો કરી મોં ધોવા જવું
D) કજિયો કરનારનું મોં કાળું થાય છે

160. 'ખૂંદી તો <u>પ્રથમી</u> ખમે ........' લીટી કરેલ પદનું શિષ્ટરૂપ આપો.
A) પહેલું
B) ખોળો
C) પૃથ્વી
D) જમીન

---

152)D, 153)A, 154)C, 155)D, 156)C, 157)B, 158)C, 159)B, 160)C.



Scanned by CamScanner

161. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'દાબી ન શકાય એવું.'

A) અનુસ્યૂત B) અદમ્ય

C) અદ્ભુત D) અભિભૂત

162. 'પાણી બતાવવું' - રૂઢિપ્રયોગનો સાચો અર્થ ક્યો છે?

A) તાકાતનો પરચો બતાવવો B) હાથ બતાવવો

C) પાણી કેવું છે તે બતાવવું D) પાણીમાંની ગંદકી બતાવવી

163. વિરોધાર્થી શબ્દ લખો : 'વ્યષ્ટિ'

A) સમષ્ટિ B) સમદૃષ્ટિ

C) વૃષ્ટિ D) દૃષ્ટિ

164. 'ખાલી ચણો વાગે ઘણો' - કહેવતનો સાચો અર્થ ક્યો છે?

A) ખાલી ચણાથી દૂર રહેવું B) ના બોલ્યામાં નવ ગુણ

C) અલ્પજ્ઞાની વિદ્વત્તાનો ડોળ કરે D) બોલે તે કંઈ ન કરે

165. નીચેનામાંથી ક્યો શબ્દ વિશેષણ છે ?

A) આરંભ B) સ્વીકાર

C) મંગલ D) પૌરાણિક

C & D બંને જવાબ

166. નીચેના પૈકી ક્યા શબ્દો શબ્દકોશના ક્રમ પ્રમાણે નથી ?

A) અનંત, અભિષેક, ઈત્યાદિ, ઉચ્ચાર B) હકારાત્મક, હઠાગ્રહ, હિમાદ્રિ, હિંસાત્મક

C) ઉચિત, ઉત્તમ, ઉપસ્થિત, ઠોઠ D) માન, મુક્ત, મિત્ર, મૂળ

167. નીચેનામાંથી ગુણવાચક વિશેષણ ક્યું છે ?

A) કેવડું B) કડવું

C) હજાર D) ક્યો

168. સાચી જોડણી શોધો.

A) થીયેટર B) મિલિટરી

C) ક્રીકેટ D) ટિકીટ

169. 'પવન પ્રમાણે પીઠ ફેરવવી' - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

A) વિરોધ કરવા ફરવું B) પરિસ્થિતિને અનુકૂળ થવું

C) બચાવ માટે હટી જવું D) પવનની દિશામાં દોડવું

170. નવલિકા એટલે ?

A) પ્રવાસ વર્ણન B) નવલકથા

C) નવલકથાનો ખંડ D) ટૂંકી વાર્તા

Scanned by CamScanner

171. સંધી જોડો : જ્ઞાન + ઈશ્વર ?

A) જ્ઞાનેશ્વર
B) જ્ઞાનિસ્વર
C) જ્ઞાનીશ્વર
D) જ્ઞાનઈશ્વર

172. 'કવિશ્વર' તરીકે ઓળખાતા કવિ .........

A) દયારામ
B) રા.વિ. પાઠક
C) દલપતરામ
D) નવલરામ

173. ખોટી જોડણી શોધો.

A) વિટામીન
B) સર્ટિફિકેટ
C) કંપની
D) સપ્ટેમ્બર

174. 'નિદ્રા આવી જવી' એવો અર્થ ક્યો રૂઢિપ્રયોગ સૂચવે છે ?

A) આંખ મીંચાઈ જવી
B) આંખ ઠેરવવી
C) આંખ મળી જવી
D) આંખ માંડવી

**(A & C બંને જવાબ)**

175. 'શ્રીરામ એટલે શ્રીરામ.' - અલંકાર ઓળખાવો.

A) રૂપક,
B) અનન્વય
C) ઉત્પ્રેક્ષા
D) વ્યાજસ્તુતિ

176. કઈ સંધિનો વિગ્રહ સાચો છે ?

A) ગે + અન = ગાયન
B) સ્વા + આગત = સ્વાગત
C) સમ્ + મતિ = સન્મતિ
D) રામ + અયન = રામાયણ

177. 'લોકસાહિત્ય એટલે લોકજીભે રમતું - લોકકંઠે જીવતું સાહિત્ય' - એવું કોણે કહ્યું છે?

A) ઉમાશંકર જોશી
B) દલપતરામ
C) ઝવેરચંદ મેઘાણી
D) ચિનુભાઈ મોદી

178. ક્યો સમાસ ઉપપદ સમાસ નથી ?

A) તટસ્થ
B) અખૂટ
C) જીવસરખું
D) અનુજ

**(B & C બંને જવાબ)**

179. ઓ + અ = અવ્ - એ નિયમ નીચેનામાંથી કઈ સંધિ છોડતાં લાગુ પડે છે?

A) પો + અન = પવન
B) ને + અન = નયન
C) પૌ + અન = પાવન
D) નૌ + ઈક = નાવિક

---

**171)A, 172)C, 173)A, 174)A C, 175)B, 176)D, 177)A, 178)B C, 179)A.**



Scanned by CamScanner

180. 'પાટણની પ્રભુતા' નવલકથાના લેખક કોણ છે ?

A) અમૃતલાલ વેગડ
B) સારસ્વત
C) પૂનમભાઈ જોશી
D) કનૈયાલાલ મુનશી

181. 'ભોરંગ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

A) ભોગળો
B) ભંફોડી
C) નાગ
D) રીંગણ

182. 'પતીજ' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

A) ભરોસો
B) પતન
C) પ્રમાણ
D) પોકાર

183. પારસમણિ માટે ક્યો શબ્દસમૂહ યોગ્ય છે ?

A) શાલીગ્રામ પથ્થર
B) આરસપહાણનો પથ્થર
C) હીરાની પરીક્ષા કરનાર ઝવેરી
D) જેના સ્પર્શથી લોઢું સોનું બને

184. નીચેના પૈકી ક્યા શબ્દો શબ્દકોશના ક્રમ મુજબ છે ?

A) અવર, ઉનાળો, ઋતુ, ગુજરાતી
B) ગુજરાતી, ઉનાળો, અનન્યા, ઋતુ
C) અવર, અનન્યા, ગુજરાતી, ઉનાળો
D) અનન્યા, અવર, ઉનાળો, ઋતુ

(A & D બંને જવાબ)

185. 'સૌને એવો ઉપદેશ આપે કે સંસાર મિથ્યા છે' - આ વાક્યમાંથી સંયોજક શોધો.

A) આપો
B) પણ
C) અને
D) કે

186. નીચેનામાંથી ક્યો શબ્દ 'યુદ્ધ'નો પર્યાય છે ?

A) અશ્મ્યુગ
B) આકલ્પ
C) ચક્રાસેન
D) રણયજ્ઞ

187. આ + ઈ = એ - નિયમ કઈ સંધિ છોડતા લાગુ પડે છે?

A) મહર્ષિ
B) રજનીશ
C) સુરેશ
D) રમેશ

188. 'ઘરસંસાર' સમાસનો પ્રકાર જણાવો.

A) કર્મધારય
B) દ્વન્દ્વ
C) ઉપપદ
D) તત્પુરુષ

(A & D બંને જવાબ)

---

**180)D, 181)C, 182)A, 183)D, 184)A D, 185)D, 186)D, 187)D, 188)A D.**



Scanned by CamScanner

189. ક્યું વિરોધી શબ્દનું જોડકું સાચું છે ?

A) આર્દ્ર x શુષ્ક
B) પોળ x શેરી
C) રસ્તો x પંથ
D) હેત x સ્નેહ

190. 'ના મારે તુજ ભેટ બક્ષિસ ન વા તારી કૃપા જોઈએ.' - છંદ ઓળખાવો.

A) હરિગીત
B) સવૈયા
C) શાર્દૂલવિક્રીડિત
D) દોહરો

191. ખંડકાવ્યના જનક કોણ છે ?

A) કવિ સેહની
B) કવિ શેષ
C) કવિ કાન્ત
D) કવિ વાસુકિ

192. 'એક સાંધીએ ત્યાં તેર તૂટે.' - કહેવતનો સાચો અર્થ શોધો.

A) એક કામ કરવા જતાં બીજા દસ કામ બગડે.

B) બરાબર સાંધીએ તો તેર જગ્યાએ ન તૂટે.

C) તીન તીગડા કામ બીગડા

D) એક જગ્યાએ સાંધતાં તેર જગ્યાએ તૂટી જાય છે.

193. ક્યું વિરોધી શબ્દનું જોડકું સાચું નથી ?

A) સાક્ષર x નિરક્ષર
B) નાસ્તિક x આસ્તિક
C) ઉત્તમ x શ્રેષ્ઠ
D) અમર x મર્ત્ય

194. રોળા છંદની ચાર અને ઉલાળા છંદની બે પંક્તિઓ શેમાં જોવા મળે છે?

A) પ્રભાતિયાં
B) ચોપાઈ
C) મુક્તક
D) છપ્પા

195. 'વ્યતિરેક' અલંકારનું ઉદાહરણ ક્યું છે?

A) ગુલાબ લઉં? ના કપોલ તુજ રમ્ય એથી ઘણા.

B) સડક પણ પડખું ફેરવીને સૂઈ ગઈ હોય.

C) જવાની તો જવાની છે.

D) આ ડોલ પોતાની છે.

196. 'હવાની લહેરનો મંદ અવાજ' - શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

A) સરસરાહટ
B) ઘરઘરાહટ
C) પર્ણમર્મર
D) ચરચરાટ

189)A, 190)C, 191)C, 192)A, 193)C, 194)D, 195)A, 196)A.



Scanned by CamScanner

197. 'દાદાજીએ પોતાના જીવનનાં <u>ખટમીઠાં</u> પ્રસંગો અમને કહ્યાં' - લીટી દોરેલ શબ્દનો સમાસ ઓળખાવો.

A) મધ્યમપદલોપી
B) દ્વન્દ્વ
C) કર્મધારય
D) દ્વિગુ

198. 'પરીસ્થિતી' શબ્દની સાચી જોડણી લખો.

A) પરીસ્થતી
B) પરીસ્થિતી
C) પરિસ્થતી
D) પરિસ્થિતિ

199. 'સૉનેટ' નામનો સૉનેટ કાવ્યોનો સંગ્રહ લખનાર લેખક કોણ હતા ?

A) રાજેન્દ્ર શુક્લ
B) ચુનીલાલ મડિયા
C) ચીનુ મોદી
D) હર્ષ બ્રહ્મભટ્ટ

200. જ્યારે કાવ્યપંક્તિમાં નિર્જીવની અંદર ચેતનનું આરોપણ કરવામાં આવે, તે સજીવ હોય તેવું દર્શાવવામાં આવે ત્યારે ............ અલંકાર બને.

A) વ્યાજસ્તુતિ
B) સજીવારોપણ
C) રૂપક
D) શ્લેષ

201. નીચે આપેલ વાક્યમાંથી 'નિપાત' શોધીને લખો.
મને તમારા પુત્રના જૂના ફોટોગ્રાફસ હોય તો તે પણ જોઈશે.

A) પણ
B) હોય તો
C) તે
D) તમારા

202. ગુજરાતી સાહિત્યનો જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર લેખક શ્રી રઘુવીર ચૌધરીની પ્રથમ નવલકથાનું નામ જણાવો.

A) પૂર્વરાગ
B) અમૃતા
C) A અને B બંને
D) આપેલ પૈકી એકપણ નહીં

203. 'ખાંડાની ધારે ચાલવું' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.

A) સુખ દુઃખનો અનુભવ કરવો
B) મુશ્કેલીઓ વધારવી
C) અત્યંત વિકટ પરિસ્થિતિમાં જીવવું
D) રોમાંચિત થવું

204. નીચેનામાંથી ક્યો છંદ માત્રામેળ નથી ?

A) ચોપાઈ
B) દોહરો
C) પૃથ્વી
D) હરિગીત

---

**197)B, 198)D, 199)B, 200)B, 201)A, 202)A, 203)C, 204)C.**



Scanned by CamScanner

205. 'ઓખાહરણ', 'કુંવરબાઈનું મામેરું', 'નળઆખ્યાન' જેવા આખ્યાન આપનાર આખ્યાનકાર કોણ છે?

A) દયારામ
B) દલપતરામ
C) નરસિંહ મહેતા
D) પ્રેમાનંદ

206. 'રમા + ઈશ' શબ્દની સંધિ જોડો.

A) રમાશ
B) રમેશ
C) રેમષ
D) રમૈષ

207. 'નિર્ણય' શબ્દની સંધિ છોડો.

A) નિ + ર્ણય
B) નિ + નય
C) નિ + અર્ણય
D) નિસ્ + નય

208. શેમાં લોકસેવક રવિશંકર મહારાજની અનુભવ કથાઓનું સાહિત્યકાર મેઘાણીએ વાર્તારૂપે નિરૂપણ કર્યું છે?

A) વેવિશાળ
B) સોરઠ તારા વહેતા પાણી
C) માણસાઈના દીવા
D) કંકાવટી

209. 'સંપ ત્યાં જંપ' કહેવતનો અર્થ જણાવો.

A) સંપ હોય ત્યાં જંપ ઊભો ન રહે
B) સંપ રાખવાથી જ સુખ-શાંતિ મળે છે.
C) કુસંપને સંપ જોડે લેવાદેવા ન હોય
D) સંપ અને જંપને કદી બનતું નથી.

210. નીચે આપેલ શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો.

છપડી -

A) ગમ્મત
B) અનાદર
C) લુચ્ચાઈ
D) વ્યંગભાવ

211. 'સપૂત' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.

A) કાળોપુત્ર
B) કપૂત
C) સારોપુત્ર
D) એકપણ નહીં

212. 'યાજ્ઞસેની' શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ લખો.

A) યક્ષિણી
B) દ્રૌપદી
C) જક્કલાદેવી
D) મૃણાલવતી

213. જેનો પ્રકાર 'નાર' કે 'વાન' છે તેને ક્યા પ્રકારનું કૃદંત કહેશો ?

A) સામાન્યકૃદંત
B) હેત્વર્થકૃદંત
C) વર્તમાનકૃદંત
D) ભવિષ્યકૃદંત

---

205)D, 206)B, 207)D, 208)C, 209)B, 210)C, 211)B, 212)B, 213)D.



Scanned by CamScanner

214. નરસિંહ મહેતાના પ્રભાતિયા ક્યા છંદમાં લખાયેલા છે ?

A) ચોપાઈ B) ઝૂલણા

C) દુહા D) વસંતતિલકા

215. સાચી જોડણી દર્શાવો.

A) પ્રતિતિ B) પ્રતીતિ

C) પ્રતિતી D) પ્રતીતી

216. 'પ્રકૃતિ જ મારી મા રહી છે' - વાક્યમાં ક્યું પદ 'નિપાત' છે ?

A) મા B) રહી

C) જ D) છે

217. આપેલ પંક્તિ ક્યા અલંકારનું ઉદાહરણ છે ?

'બળતા અંગાર સમી આંખો તેણે સ્થિર કરી'

A) ઉત્પ્રેક્ષા B) વ્યતિરેક

C) ઉપમા D) સજીવારોપણ

218. 'મોરના ઈંડા ચીતરવાં ન પડે' કહેવતનો અર્થ જણાવો.

A) ઈંડા સુંદર ચીતરેલાં જ હોય.

B) માતા-પિતાના સંસ્કાર - ગુણો બાળકોમાં આપોઆપ આવે છે તેને કેળવવા પડતા નથી.

C) મોર સુંદર હોય તેથી.

D) મોરનું ઈંડું ચીતરેલું જ હોય છે.

219. 'પતિયાર' શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ લખો.

A) પતન B) પતિનો મિત્ર

C) વિશ્વાસ D) પ્રમાણ

220. 'કૃતજ્ઞ' શબ્દનો સાચો વિરુદ્ધાર્થી શબ્દ લખો.

A) કૃતઘ્ન B) ગરિમા

C) કર્મઠ D) અજ્ઞાન

221. 'શરસંધાન કરવું' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.

A) લક્ષ્ય ન મળવું B) લક્ષ્ય સાધવું

C) લક્ષ્ય આપવું D) ધ્યેય સિદ્ધ ન થવું

222. માત્રામેળ છંદમાં ક્યો છંદ 28 અક્ષરનો છે ?

A) હરિગીત B) સવૈયા

C) દોહરો D) ચોપાઈ

---

214)B, 215)B, 216)C, 217)C, 218)B, 219)C, 220)A, 221)B, 222)A.



Scanned by CamScanner

223. 'સૂક્તિ' શબ્દની સંધિ છૂટી પાડો.

A) સૂ + ઉક્તિ
B) સુ + ઉક્તિ
C) સૂ + ઊક્તિ
D) સ + ઊક્તિ

224. રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

શ્રીકૃષ્ણ માટે <u>ગિરિધર</u> શબ્દ પણ પ્રયોજાય છે.

A) ઉપપદ
B) તત્પુરુષ
C) કર્મધારય
D) દ્વિગુ

225. 'સરંગટ' શબ્દનો અર્થ જણાવો.

A) ઘૂંઘટવાળી
B) શ્યામવર્ણવાળી
C) મિથ્યાભિમાની
D) તાબે થયેલ

226. નીચે આપેલ વાક્યમાંના રેખાંકિત શબ્દનો કૃદંતનો પ્રકાર લખો.

સ્વામીજીએ <u>આવીને</u> અહીંના સઘળા વાતાવરણને પાવન અને સુંદર બનાવી દીધો.

A) હેત્વર્થકૃદંત
B) સંબંધક ભૂતકૃદંત
C) ભૂતકૃદંત
D) ભવિષ્યકૃદંત

227. નીચે આપેલ વાક્યમાંથી 'નિપાત' શોધીને જણાવો.

તમારે માત્ર દસ વખત બોલવાનું છે.

A) માત્ર
B) વખત
C) તમારે
D) દસ

228. કવિ શ્રી ઉમાશંકર જોશીનું પૂરું નામ જણાવો.

A) ઉમાશંકર નર્મદાશંકર જોશી
B) ઉમાશંકર ભવાનીપ્રસાદ જોશી
C) ઉમાશંકર આત્મારામ જોશી
D) ઉમાશંકર જેઠાલાલ જોશી

229. 'વિદ્યા ભણિયો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો' - વાક્યમાંનો અલંકાર જણાવો.

A) આંતરપ્રાસ
B) અંત્યાનુપ્રાસ
C) વર્ણાનુપ્રાસ
D) ઉપમા

230. 'એક કાંકરે બે પક્ષી મારવા' કહેવતનો અર્થ જણાવો.

A) એક પ્રયાસે બે કાર્યો સિદ્ધ થવા
B) કાંકરાથી બે પક્ષીનો પ્રાણ લેવો
C) કાર્ય સિદ્ધ ન થાય માટે પથ્થર મારવો
D) સફળતા ન મળે એટલે પક્ષીને મારવા

---

223)B, 224)A, 225)A, 226)B, 227)A, 228)D, 229)A, 230)A.



Scanned by CamScanner

231. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| a) પન્નાલાલ પટેલ | 1) ગંગોત્રી |
| b) ઝવેરચંદ મેઘાણી | 2) તુલસીક્યારી |
| c) ઉમાશંકર જોશી | 3) રાઈનો પર્વત |
| d) રમણભાઈ નીલકંઠ | 4) મળેલા જીવ |

A) b-4, c-3, d-2, a-1 B) d-3, b-2, c-1, a-4

C) a-2, d-1, b-3, c-4 D) c-2, a-3, d-1, b-4

232. 'નિયતિ' શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ લખો.

A) નીતિ B) સ્તુતિ

C) નિમિત્ત D) ભાગ્ય

233. 'સર્જન' શબ્દનો સાચો વિરુદ્ધાર્થી શબ્દ લખો.

A) સંસ્કારી B) ડૉક્ટર

C) લીલા D) સંહાર

234. રૂઢિપ્રયોગનો અર્થ શોધીને લખો.

'બે પાંદડે થવું'

A) આર્થિક સ્થિતિ સારી થવી B) પાંદડા બે થવા

C) એકના બે થઈ જવું D) બેમત ના હોવું

235. સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી ભાષાનો 'બાલ સાહિત્ય પુરસ્કાર - 2016' કોને આપવાની જાહેરાત કરવામાં આવી ?

A) હરિકૃષ્ણ પાઠક B) રૂષિરાજ જાની

C) પુષ્પા અંતાણી D) ધીરુબેન પટેલ

236. નીચેની પંક્તિનો છંદ ઓળખાવો.

નમતાથી સૌ કો રીઝે, નમતાને બહુ માન;
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચા સ્થાન.

A) દોહરો B) ચોપાઈ

C) હરિગીત D) સવૈયા

237. સંધિ જોડો.

સુ + અલ્પ

A) સુઅલ્પ B) સ્વલ્પ

C) સ્વાલ્પ D) સ્વલપ

---

231)B, 232)D, 233)D, 234)A, 235)C, 236)A, 237)B.



Scanned by CamScanner

238. સંધિ જોડો.

સિન્ધુ + ઊર્મિ

A) સિંધુઊર્મિ

B) સિંધઊર્મિ

C) સિંધુઉર્મા

D) સિન્ધૂર્મિ

239. નીચે આપેલા સમા અને તેના પ્રકારમાંથી ક્યો સાચો છે ?

A) નખશિખ-બહુવ્રીહિ

B) પંકજ-તત્પુરુષ

C) ટાઈમટેબલ-દ્વન્દ્વ

D) ત્રિકાળ-ઉપપદ

240. 'વૈખરી' શબ્દનો અર્થ જણાવો.

A) નાહકની વહોરેલી પીડા

B) અસ્ત વ્યસ્ત પડેલો ઘરનો સામાન

C) વણસેલા સંબંધો

D) સ્પષ્ટ ઉચ્ચારાયેલી વાણી

241. પ્રસિદ્ધ કાવ્ય 'કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે' ના સર્જકનું નામ જણાવો.

A) રમણભાઈ નીલકંઠ

B) આનંદશંકર ધ્રુવ

C) મણિલાલ નભુભાઈ

D) સ્વામી આનંદ

242. નીચે આપેલ વાક્યમાંના રેખાંકિત શબ્દનો કૃદંતનો પ્રકાર જણાવો.

<u>લખવું વાંચવું</u> એ કંઈ કેળવણી નથી.

A) વિધ્યર્થકૃદંત

B) સંબંધકકૃદંત

C) ભવિષ્યકૃદંત

D) વર્તમાનકૃદંત

243. સાચી જોડણી દર્શાવો.

A) યુનિવર્સિટી

B) યુનીવર્સીટી

C) યૂનીવર્સિટી

D) યુનિવસીર્ટી

244. સમાસ ઓળખાવો : ટપાલપેટી

A) મધ્યમપદલોપી

B) તત્પુરુષ

C) ઉપપદ

D) બહુવ્રીહિ

245. આપેલા વાક્યમાંથી વિશેષણ લખો : તેણે વાદળી ચડ્ડી પહેરી હતી.

A) તેણે

B) વાદળી

C) ચડ્ડી

D) હતી

246. સમાનાર્થી શબ્દ લખો : 'અનુજ્ઞા'

A) હુકમ

B) પરવાનગી

C) આજ્ઞા

D) અવજ્ઞા

---

238)D, 239)A, 240)D, 241)C, 242)A, 243)A, 244)A, 245)B, 246)B.



Scanned by CamScanner

**247. અલંકાર ઓળખાવો : નિસર્ગના મુખ પર જાણે આનંદનો સાગર હિલોળાતો હતો.**

A) યમક
B) અનન્વય
C) ઉત્પ્રેક્ષા
D) ઉપમા

**248. સમાસ ઓળખાવો : મહાવીર**

A) દ્વિગુ
B) કર્મધારય
C) દ્વન્દ્વ
D) ઉપપદ

**249. કવિ અખાનો મૂળ વ્યવસાય ક્યો હતો.**

A) દરજી
B) સોની
C) લુહાર
D) સુથાર

**250. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : રૂપિયા ભરવાની સાંકડી લાંબી કોથળી.**

A) વાંગળી
B) વાંસોડ
C) વાંસલો
D) વાંસણી

**251. સમાનાર્થી શબ્દ લખો : રિપુ**

A) મિત્ર
B) અરિ
C) રાક્ષસ
D) સીધું

**252. છંદ ઓળખાવો : દૈવી વૈમાનિકોના વિરતિભવન શો, સિદ્ધ શૈલેશ ઊભો !**

A) શાર્દૂલવિક્રીડિત
B) શિખરિણી
C) મંદાક્રાન્તા
D) સગ્ધરા

**253. શબ્દકોશના ક્રમ મુજબ સાચો ક્રમ ક્યો છે?**

A) ચક્કી, ચક્ર, ચર્ચા, ચંદ્ર, ચાવી
B) ચક્ર, ચક્કી, ચર્ચા, ચાવી, ચંદ્ર
C) ચર્ચા, ચક્ર, ચક્કી, ચંદ્ર, ચાવી
D) ચંદ્ર, ચક્ર, ચક્કી, ચાવી, ચર્ચા

**254. અસીમ રાંદેરીનું નામ શું છે?**

A) મહમુદમિયાં મહમદ ઈમામ
B) સૈયદ અમીર હસન
C) સૈયદ અબ્દુલ વહીદ
D) અલીખાન ઉસમાનખાન બલૂચ

**255. અલંકાર ઓળખાવો : સાંકડી શેરીમાં સસરો સામા મળ્યા રે.**

A) ઉપમા
B) રૂપક
C) શ્લેષ
D) વર્ણાનુપ્રાસ

**256. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : દર પખવાડિયે નીકળતું સામયિક**

A) માસિક
B) સાપ્તાહિક
C) પાક્ષિક
D) દૈનિક

---

**247)C, 248)B, 249)B, 250)D, 251)B, 252)D, 253)A, 254)A, 255)D, 256)C.**



Scanned by CamScanner

257. છંદ ઓળખાવો : નેવાધારે નયન વરસી પત્રથી દીકરી તે.

A) અનુષ્ટુપ
B) મંદાક્રાન્તા
C) પૃથ્વી
D) હરિગીત

258. 'વાડ થઈને ચીભડાં ગળે' - કહેવતનો અર્થ આપો.

A) વાડને ટેટી - તરબૂચ ભાવે.
B) વાડ જ ચીભડાં ખાઈ જાય.
C) રક્ષક જ ભક્ષક બને.
D) વાડ વગર વેલો ના ચડે.

259. સંધિ લખો : ઉચ્ચાલન

A) ઉચ્ચ + અલન
B) ઉદ્ + ચલન
C) ઉદ્ + ચાલન
D) ઉચ્ચ + અલન

260. નીચેનામાંથી કઈ કૃતિ ઝવેરચંદ મેઘાણીની નથી ?

A) અપરાધી
B) વેવિશાળ
C) સ્મૃતિગાન
D) તુલસીક્યારો

261. એક સરખા અર્થવાળાં બે પદોને શું કહે છે?

A) વિરુદ્ધાર્થી
B) પ્રશ્નવાચક
C) પર્યાયવાચી
D) આધિત પદ

262. રૂઢિપ્રયોગનો અર્થ લખો : કોઠી ધોઈને કાદવ કાઢવો.

A) કોઠી સાફ કરવી.
B) કામમાં સફળતા મળવી.
C) ચોટેલો કાદવ કાઢવો.
D) નકામા કામમાં વ્યર્થ મહેનત કરવી.

263. વિરોધી શબ્દ લખો : પ્રત્યક્ષ

A) પરોક્ષ
B) નિરપેક્ષ
C) સાપેક્ષ
D) અક્ષ

264. 'દાબડો' શબ્દનું શિષ્ટરૂપ ક્યું છે ?

A) ડબ્બો
B) ડાભ
C) દાબણીયું
D) દર્ભ

265. 'ફાફડા' શબ્દનો ક્યો ગણ થશે ?

A) ય - ગણ
B) ર - ગણ
C) મ - ગણ
D) ન - ગણ

---

257)B, 258)C, 259)C, 260)C, 261)C, 262)D, 263)A, 264)A, 265)B.



Scanned by CamScanner

266. નીચે આપેલી કહેવતનો સાચો અર્થ લખો :
'કૂવામાં હોય તો હવાડામાં આવે.'
A) મૂળમાં શક્તિ હોય તો બહાર દેખાઈ આવે જ.
B) કૂવો ખાલી હોય પણ હવાડો ભરેલો રહે છે.
C) કૂવામાં પાણી ના હોય તો અવાડામાં આવે.
D) શિક્ષક કરતાં વિદ્યાર્થી હોશિયાર હોય છે.

267. 'સોસાયટી, યુનિવર્સિટી, આઈસક્રીમ' - મૂળ કઈ ભાષાના શબ્દો છે ?
A) ગુજરાતી B) અંગ્રેજી
C) સંસ્કૃત D) ફ્રેન્ચ

268. નીચેના ક્યા શબ્દો શબ્દકોશના ક્રમ પ્રમાણે સાચા છે ?
A) ખેતર, નોટ, પ્રેત, સોનું B) આંક, માનવી, નોટ, ખેતર
C) ખેતર, પ્રેત, આંક, માનવી D) આંક, ખેતર, સોનું, પ્રેત

269. 'અભિમાની' શબ્દનો સાચો વિરોધી શબ્દ શોધો.
A) પ્રમાણિક B) નિરાભિમાની
C) નિરભિમાની D) પ્રામાણિક

270. સાચી જોડણી દર્શાવતો શબ્દ શોધીને લખો.
A) જ્યોતિષી B) અવિનાસ
C) હરીવર D) તિર્થોત્તમ

271. 'પાટે ચઢી જવું' - રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.
A) ભૂલ સુધારવી B) પુષ્ટિ મળવી
C) સાચો રસ્તો જડવો D) કામધંધે ચઢી જવું

272. નીચેનામાંથી ક્યા ક્ષેત્રે માટે 'જ્ઞાનપીઠ' પુરસ્કાર આપવામાં આવે છે ?
A) સાહિત્ય B) રાજનીતિ
C) આરોગ્ય D) સમાજસેવા

273. સાચી સંધિ જોડેલો શબ્દ શોધી કાઢો.
A) સ્વ + અચ્છ = સ્વચ્છ B) શિર્ + મણિ = શિરોમણિ
C) મહે + ઈચ્છા = મહેચ્છા D) સ્વ + ઈચ્છા = સ્વેચ્છા

274. 'લોહીની સગાઈ' ક્યા પ્રકારની રચના છે ?
A) નવલિકા B) નાટક
C) નવલકથા D) કાવ્ય

---

**266)A, 267)B, 268)A, 269)B, 270)A, 271)D, 272)A, 273)D, 274)A.**



Scanned by CamScanner

275. સાચી જોડણી દર્શાવતો શબ્દ શોધો.

A) કૂંજલડી
B) પ્રિતી
C) સુરભિસુત
D) ભિતિ

276. 'ભીત ભૂલવી' રૂઢિપ્રયોગ માટે ક્યો અર્થ યોગ્ય નથી ?

A) અવળે રસ્તે ચડી જવું
B) સાચો રસ્તો ભૂલવો
C) માર્ગ ચૂકવો
D) ઘરની દીવાલ યાદ ન રહેવી

277. 'મીનુને મારી ગાળો ગોળથીયે મીઠી લાગતી' - અલંકાર ઓળખાવો.

A) ઉત્પ્રેક્ષા
B) ઉપમા
C) વ્યતિરેક
D) શ્લેષ

278. સાચી સંધિ જોડેલો શબ્દ શોધો.

A) હિત + એષી = હિતેષી
B) હર્ષ + ઉલ્લાસ = હર્ષુલ્લાસ
C) હસ્તા + અક્ષર = હસ્તાક્ષર
D) હર્ષ + આવેશ = હર્ષાવેશ

279. 'કુંવરબાઈનું મામેરું'ના કવિ કોણ છે?

A) નરસિંહ મહેતા
B) ગંગાસતી
C) મીરાંબાઈ
D) પ્રેમાનંદ

280. સમાસ ઓળખાવો : 'ગૃહસ્થ'

A) કર્મધારય
B) ઉપપદ
C) તત્પુરુષ
D) દ્વન્દ્વ

281. અ + અ = આ - સંધિ માટે ક્યો શબ્દ સાચો છે ?

A) વૃદ્ધાવસ્થા
B) ભાષાન્તર
C) શિષ્ટાચાર
D) વિશ્વાધાર

282. 'જિજ્ઞાસુની ડાયરી' પુસ્તક કોનું છે ?

A) ધીરો ભગત
B) પુરુરાજ જોશી
C) મણિશંકર ભટ્ટ
D) મણિલાલ હ. પટેલ

283. 'દુહિતા' શબ્દનો સમાનાર્થી શબ્દ ક્યો છે?

A) દીકરી
B) પૌત્રી
C) વહુ
D) દોહિત્રી

284. નીચેનામાંથી ક્યો શબ્દ સમાનાર્થી નથી ?

A) પ્રતિઘોષ
B) પ્રતિધ્વનિ
C) પડઘો
D) ધ્વનિ

275)C, 276)D, 277)C, 278)D, 279)A, 280)B, 281)A, 282)B, 283)A, 284)D.



Scanned by CamScanner

285. 'બેચેની ભરી શાંતિ' માટે ક્યો શબ્દસમૂહ યોગ્ય છે ?

A) વિરક્ત
B) અગોચર
C) સન્નાટો
D) અચંબો

286. શબ્દકોશના ક્રમ પ્રમાણે સાચા અક્ષરોનો ક્રમ શોધો.

A) કા, ખુ, ઘુ, ભૈ
B) ક, ટ, ત, ચ
C) ક, ર, મ, ત
D) ડ, ટી, ઠો, ઢા

287. નીચે પૈકી ક્યા તખલ્લુસવાળા લેખકનો સમાવેશ હાસ્ય લેખકમાં કરી શકાય ?

A) સુંદરમ્
B) અવળવાણિયા
C) દર્શક
D) સારસ્વત

288. બે વાક્યને જોડવા માટે શું પ્રયોજાય છે ?

A) સંયોજક
B) વિભક્તિ
C) અનુગ
D) નામયોગી

289. નીચેનામાંથી ક્યો સમાસ 'તત્પુરુષ છે ?

A) મરણશરણ
B) પરગામ
C) શાંતિકર
D) ટપાલપેટી

290. ક્યું જોડકું વિરોધી શબ્દ માટે યોગ્ય છે ?

A) હરખ x હડફ
B) મજમ x સહિયારું
C) પવનપંથો x પાણીપંથો
D) જંગમ x સ્થાવર

291. કવિ કાન્તે રચેલી 'રોમન સ્વરાજ' કૃતિનું સ્વરૂપ જણાવો.

A) ખંડકાવ્ય
B) નાટક
C) ઈતિહાસ
D) નવલકથા

292. 'શિખરિણી' છંદનું ઉદાહરણ શોધો.

A) નાગરવેલના જેવી નાજુકડી નાર વાંકી.

B) વેશ ટેક છે આડી ગલી, પેઠો તે નવ શકે નીકળી.

C) છતાંય દિલ તો ચાહે તન યુવાનની તાજગી.

D) કદી મારી પાસે વનવન તણાં હોત કુસુમો.

293. 'સૂડા બહોતેરી' કોની રચના છે ?

A) શામળ
B) ધીરો
C) અખો
D) પ્રેમાનંદ

---

285)C, 286)A, 287)B, 288)A, 289)A, 290)D, 291)B, 292)D, 293)A.



Scanned by CamScanner

294. સંપનું મહત્ત્વ દર્શાવતી કહેવત કઈ નથી ?

A) ઝાડ ટકે છે ઝૂંડમાં
B) ઝાઝા હાથ રળિયામણા
C) ઝાઝી કીડીઓ સાપને તાણે
D) ઝાઝા મળે ને ખાવા ટળે

295. વિરોધી શબ્દ દર્શાવતું સાચું જોડકું શોધો.

A) ઉણપ x ખામી
B) કુટુંબ x કબીલો
C) યૌવન x વૃદ્ધત્વ
D) રસ્તો x વાટ

296. કવિ નર્મદને 'વીર નર્મદ'નું બિરુદ કેમ મળ્યું છે ?

A) મુંબઈની શાળામાં શિક્ષક બન્યા તેથી.
B) સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો તેથી.
